**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# વાર્તા દ્વારા મનોવૈજ્ઞાનિક શિક્ષણ

**Hanubhai H. Bhuva**

Research Scholar,
Dept of Education, Saurashtra University, Rajkot

**Prof. Ranjitsinh P. Pawar**

Director, School of Innovative Education,
HOD, Dept. of Education, Children's University, Gandhinagar

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ABSTRACT

મનોવિજ્ઞાન એટલે Psychology-સાઇકોલોજી, એટલે Psycho+logas અર્થાત આત્મા+વિજ્ઞાન એટલે આત્માનું વિજ્ઞાન. ખરેખર મનોવિજ્ઞાન **આત્મા કે મનનું નહી પણ વર્તનનું વિજ્ઞાન** છે. જે. બી. વોટસનના મત મુજબ મનોવિજ્ઞાન એટલે વર્તનનું વિજ્ઞાન. મનોવિજ્ઞાન એ સામાજિક વિજ્ઞાન છે. તે સમાજમાં રહેતા માનવીનો સામાજિક પરિસ્થિતીના સદર્ભમાં અભ્યાસ કરે છે. આ ઉપરાંત મનોવિજ્ઞાન એ વર્તનની આગાહી કરે છે.

"પર્સનાલિટી" એક વ્યક્તિ છે કે જે અનન્યપણે તેના અથવા તેણીના cognitions, લાગણીઓ, પ્રોત્સાહનો અને વિવિધ પરિસ્થિતિઓમાં વર્તન પર અસર દ્વારા કબજામાં લાક્ષણિકતાઓ એક ગતિશીલ અને સંગઠિત સમૂહ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. શબ્દ "વ્યક્તિત્વ" લેટિન વ્યકિતત્વ, કે જે માસ્ક અર્થ છે ઉદ્દભવે છે. નોંધપાત્ર રીતે, પ્રાચીન વિશ્વ લેટિન બોલતા ના મોરચે માસ્ક એક પ્લોટ ડિવાઇસ તરીકે ઉપયોગ ન કરવા માટે, એક અક્ષર ની ઓળખ બનાવટી હતી, પરંતુ તેના બદલે એક પ્રતિનિધિત્વ અથવા તે અક્ષર - ના નમૂનારૂપ હોવું નોકરી સંમેલન હતું. પર્સનાલિટી પણ વિચારો, લાગણીઓ અને વર્તન સતત સમય પર વ્યક્તિગત દ્વારા પ્રદર્શિત જે મજબૂત અમારી અપેક્ષાઓ, સ્વ ધારણાઓ કિંમતો અને વલણ અસર ના દાખલાઓની નો સંદર્ભ લો શકે છે, અને લોકો સમસ્યાઓ, અને તણાવ અમારા પ્રતિક્રિયાઓ આગાહી. આ nomothetic અને idiographic: એક શબ્દસમૂહ માં, વ્યક્તિત્વ માત્ર અમે કોણ છે નથી, ગોર્ડન ઓલપોર્ટે (1937) બે મુખ્ય વ્યક્તિત્વ અભ્યાસ રીતે વર્ણન કર્યું છે. Nomothetic મનોવિજ્ઞાન સામાન્ય કાયદાઓ સ્વ પ્રત્યક્ષીકરણ સિદ્ધાંત જેવા ઘણા જુદા જુદા લોકો, અથવા extraversion ના લક્ષણ માટે લાગુ પાડી શકાય છે માગે છે. Idiographic મનોવિજ્ઞાન માટે એક ખાસ વ્યક્તિગત અનન્ય પાસાંઓ સમજવા પ્રયાસ છે.

વ્યક્તિત્વ અભ્યાસ સૈદ્ધાંતિક પરંપરાઓ એક વિપુલતા સાથે મનોવિજ્ઞાન એક વ્યાપક અને વૈવિધ્યસભર ઇતિહાસ ધરાવે છે. મુખ્ય થિયરીઓ ડિસપોઝિશનલ (વિશિષ્ટ) પરિપ્રેક્ષ્યમાં સાયકોડાયનેમિક, હ્યુમનિસ્ટિક, જૈવિક વર્તનવાદને, અને સામાજિક શિક્ષણ પરિપ્રેક્ષ્ય સમાવેશ થાય

છે. ત્યાં મનોવિજ્ઞાન માં "વ્યક્તિત્વ" ની વ્યાખ્યા પર કોઈ સર્વસંમતિ છે. સૌથી સંશોધકો અને મનોવૈજ્ઞાનિકો સ્પષ્ટ રીતે ચોક્કસ પરિપ્રેક્ષ્ય સાથે પોતાની જાતને ઓળખી નથી અને ઘણીવાર એક સારગ્રાહી અભિગમ લે છે. કેટલાક સંશોધનો અનુભવ પરિમાણીય પરિબળ વિશ્લેષણ જેમ કે મલ્ટિવેરિયેટ આંકડા પર આધારિત મોડલ જેવા કે ચલાવાય છે, જ્યારે અન્ય સંશોધન સિદ્ધાંત psychodynamics જેમ કે વિકાસ પર ભાર મૂકે છે. ત્યાં પણ વ્યક્તિત્વ પરીક્ષણ લાગુ ક્ષેત્ર પર નોંધપાત્ર ભાર છે. મનોવૈજ્ઞાનિક શિક્ષણ અને તાલીમ, વ્યક્તિત્વ અને તેના માનસિક વિકાસ સ્વરૂપ અભ્યાસ સામાન્ય રીતે અસામાન્ય અથવા તબીબી મનોવિજ્ઞાન કોર્સ માટે એક પૂર્વશરત સમીક્ષા થાય છે.

વાર્તા મનુષ્ય ઉત્પત્તિ કાળથી જ તેની સૌથી ગમતી બાબત છે. મનુષ્યને જન્મ પૂર્વેથી આજીવન વાર્તા ગમે છે. જીવનની અવસ્થાઓ પ્રમાણે વાર્તાની વિષયવસ્તુ બદલાતી રહે છે પણ વાર્તા પ્રત્યેનું આકર્ષણ ઓછું થતું નથી. વિશ્વની કોઇપણ સંસ્કૃતિ એવી નથી જેના વિકાસમાં વાર્તાનો ફાળો ન હોય. શિક્ષણ માનવ વિકાસ માટેની અનિવાર્ય બાબત છે અને  વાર્તા વગર તે શક્ય નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં શિશુ અને બાળ શિક્ષણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે આ અવસ્થાના શિક્ષણને સહજ અને અસરકારક બનાવવા વાર્તા દ્વારા શિક્ષણની ભલામણ કરવામાં આવી છે. વાર્તાઓ તો ખૂબ લખાઈ છે લિખિત અને અલિખિત વાર્તાઓ  ખૂબ કહેવાય પણ છે. શિક્ષક, વાલી કે સમાજના વ્યક્તિઓ દ્વારા વાર્તા કહેવાની પરંપરા આપણી સસ્કૃતીનો એક ભાગ રહી છે.  બાળકો વાર્તાઓ સાંભળે અને વિકસે એવી  પરંપરા  ચાલતી આવી છે. સમાજ જીવનમાં પણ વાર્તાઓનું ખૂબ મહત્વ છે. માનવ સમાજના વિકાસનો ઈતિહાસ તેની વાર્તાઓના વિષયવસ્તુ પરથી જાણી શકાય છે. વિશ્વની વિવિધ સંસ્કૃતિઓનો અભ્યાસ કરવો હોય તો જે તે સમયની લોકવાર્તાઓ પરથી થઈ શકે એમ છે.

વૈશ્વિક સાહિત્ય સર્જનમાં કાવ્યો કરતાં પણ પહેલા વાર્તા રચનાની શરૂઆત થઈ હશે. ભારતીય સાહિત્યમાં પ્રાચિનત્તમ કૃતિ વેદોમાં જ્ઞાન વિસ્તરણ માટે વાર્તાઓનો આધાર લીધેલો જોવા મળે છે. વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, બાઈબલ, કુરાનમાં વાર્તાઓ દ્વારા વિચારો

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. હિતોપદેશ, જાતકકથાઓ, સિંહાસન બત્તીસી, કઠપૂતળી, હિન્દી સાહિત્ય, બંગાળી સાહિત્ય અંગ્રેજી સાહિત્યમાં વાર્તાઓએ મનુષ્ય વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો હશે. સમયાંતરે વાર્તાઓએ વિવિધ સ્વરૂપમાં પણ પોતાને સાહિત્યમાં પ્રભાવ જાળવી રાખ્યો છે.

માનવ વિકાસ અને શિક્ષણના એક અભિન્ન અંગ રૂપે વાર્તાનો સ્વીકાર થયો છે તો સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, આરોગ્ય શાસ્ત્ર, મનોવિજ્ઞાન જેવા અનેક શાસ્ત્રોની જેમ જ વાર્તાશાસ્ત્ર પણ વિકસિત થવું જોઈએ. ગિજુભાઈ બધેકાએ વાર્તાનું શાસ્ત્ર-૧ અને ૨ લખેલા છે. તેમાં ખૂબ વિસ્તારથી ચર્ચાઓ કરી છે. એ વાંચ્યા પછી લગભગ કઈ બાકી રહેતું નથી. ઔપચારિક કે અનૌપચારિક શિક્ષણમાં વાર્તાઓ ભુલાતી જાય છે. તે વિષે જાગૃતિ જરૂરી છે. વાર્તાના બે પક્ષ છે. એક રચના અને બીજું તેનો ઉપયોગ. રચનાની દૃષ્ટિએ લેખિત અને મૌખિક બે સ્વરૂપ છે. સાહિત્યમાં લેખિત વાર્તાઓની જેમ જ અલિખિત વાર્તાઓથી પણ આપણું સાહિત્ય સમૃદ્ધ છે. વાર્તાના બીજા પક્ષમાં તેનો ઉપયોગ કર્તાનીમાં વાચન કરનાર અને શ્રવણ કરનાર બે પક્ષ છે. આ લેખમાં મોટાભાગે મૌખક કથન અને શ્રવણ પક્ષની જ ચર્ચા કરવાનો પ્રયાસ છે.

**વાર્તાનો અર્થ અને સંકલ્પના**

સાર્થ જોડણી કોશ મુજબ વાર્તા સ્ત્રીલિંગ શબ્દ છે અને તેનો અર્થ થાય છે. વાત, કથા, બીના, હકીકત, સમાચાર. ભાગવતગો મંડળ પ્રમાણે વાત, કથા, કહાણી, ગાથા, ગોષ્ઠિ. હિન્દી ભાષામાં કહાની શબ્દ વપરાય છે જે કથા પરથી ઉતરી આવ્યો છે. પ્રાકૃત અને અપભ્રંશમાં ‘કહા’ શબ્દ પ્રચલિત હતો. પ્રાકૃત રચના ‘બડ્ડકહા’ અને અપભ્રંશ કાવ્ય ‘ભવિષ્યદત્ત કહા’ તેના ઉદાહરણો છે. કથાના માટે અપભ્રંશ કાળમાં કહાણીયા અને કહાણી શબ્દ પણ પ્રચલિત હતા. વિદ્યાપતિ કૃત ‘કીર્તિલતા’માં ‘કહાણી’ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. કબીરે કહની શબ્દનો ઉપયોગ કર્યો છે. ભોજપુરીમાં આજે પણ કહની શબ્દ વપરાય છે. આમ હિન્દીમાં કહની શબ્દ પરથી જ કહાની શબ્દ પ્રચલિત થયો. અંગ્રેજીમાં વાર્તા માટે story શબ્દ પ્રચલિત છે જેનો અર્થ થાય છે-

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

૧. A description of events and people that the writer or speaker has invented in order to entertain people

૨. A description of people and events that are not real અને an account especially a spoken one, of something that has happened

અહીં આપણે story telling શબ્દ વધુ પ્રયુક્ત લાગે છે. અહીં વાર્તા એટલે પરિવારોમાં વડીલો દ્વારા બાળકોને આનંદ અને સંસ્કાર માટે રોચક શૈલીમાં કહેવામાં આવતી હકીકત આધરિત અથવા સંપૂર્ણ કાલ્પનિક વાતો.

**વાર્તાનું મહત્વ**

વાર્તાનું મનુષ્ય જીવનમાં વિશેષ મહત્વ છે. જયારે મનુષ્ય કોઇ માનસિક તાણ અનુભવતો હોય ત્યારે તેને શાંત ચિતે કોઇ એવી વાર્તા સંભળાવવાથી તેની માનસિક તાણ જતી રહે છે. બાળપણમાંથી વાર્તાને બાદ કરતાં ઘણુંખરું બાદ થઈ જાય છે. એટલે એમ કહી શકાય કે બાળપણ એટલે વાર્તાઓથી ભરપૂર. વાર્તાઓ દ્વારા બાળકનો સર્વાંગીણ વિકાસ કરી શકાય છે. ભારતીય સાહિત્યમાં પંચતંત્રની વાર્તાઓના નિર્માણ પાછળ તો ખૂબ જ રોચક કથા છે. રાજા અમરશક્તિના ત્રણ સંતાનો મુર્ખ અને અહંકારી હતા તેમને ઠીક કરવા પંડિત વિષ્ણુપ્રસાદે પશુ- પંખીઓની કાલ્પનિક વાર્તાઓ સંભળાવી, તેમનામાં જીવનના તમામ શ્રેષ્ઠ ગુણોનો વિકાસ કર્યો હતો. આ રાજકુમારો છ મહિનાને અંતે લોક વ્યવહારમાં કુશળ, અને વિદ્યાપ્રેમી બન્યા હતા. શિવાજીને તેમની માતાએ રામાયણ અને મહાભારતની વાર્તાઓ સંભળાવી તેમના શ્રેષ્ઠ ગુણોનો વિકાસ કરી ઉત્તમ શાસક બનાવ્યા હતા. અનેક મહાપુરુષોના જીવન ચરિત્રોનો અભ્યાસ કરતાં ધ્યાનમાં આવે છે કે તેમના બાળપણમાં તેમણે સાંભળેલી વાર્તાઓએ જીવન નિર્માણમાં અગત્યનો ફાળો ભજવ્યો છે. જીવનમાં આવતી મુશ્કેલીઓમાં ટકી રહેવામાં પ્રેરણા પૂરી પડી છે.

**બાળ વિકાસમાં વાર્તાનો ફાળો**

બાળ વિકાસમાં વાર્તાઓનો ખૂબ મોટો ફાળો હોય છે.વાર્તાઓથી બાળકમાં અનેક ગુણોનો વિકાસ થાય છે.

### નૈતિકતાનો વિકાસ

વાર્તાઓ બાળકમાં જીવન વિશેની સકારાત્મક ભાવ પૈદા કરે છે. બાળકોનો માનસિક વિકાસ થાય છે. અન્ય વ્યક્તિ અને તેની સાથે ના વ્યવહારોમાં સદભાવ પૈદા કરે છે જેના કારણે સહજ રીતે તેનામાં નૈતિક ગુણોનો વિકાસ થાય છે. વાર્તાઓમાં મોટે ભાગે બે પ્રકારના પાત્રો હોય છે એક સકારાત્મક અને બીજું નકારાત્મક જેને આપણે દેવ અને દાનવ કહીએ છીએ. બંનેની વચ્ચે સંઘર્ષમાંથી જ વાર્તાઓનો જન્મ થાય છે. મોટા ભાગે મુશ્કેલી અને સંઘર્ષ કરીને પણ સત્યનો વિજય થતો હોય છે. બાળકને દુઃખ, મુશ્કેલી, સંઘર્ષ કરીને પણ સત્યના પક્ષે રહેવાની પ્રેરણા મળતી હોય છે.

### ઈતિહાસનું જ્ઞાન અને સંસ્કૃતિની સમજ

વાર્તાઓથી બાળકોમાં સંસ્કૃતિની સમજ વિકસિત થાય છે. વાર્તામાં આવતાં માનવીય વ્યવહારો અને પ્રસંગો અને વર્ણનોથી બાળક પોતાની સંસ્કૃતિની વિશેષતાઓ અને મર્યાદાઓથી પરિચિત થાય છે. પરંપરાઓ વિશે માહિતી મેળવે છે. રામાયણ, મહાભારત, ઉપનીષદોના પ્રેરક પાત્રોના લક્ષણો અને જીવનની વિશેષતાઓ સાંભળે છે. આમ સંસ્કૃતિના મૂલ્યો વિકસિત થાય છે. ઇતિહાસનું જ્ઞાન પણ મેળવે છે.

### શ્રવણશક્તિનો વિકાસ

વાર્તા બાળકો ખૂબ ધ્યાનથી સાંભળતા હોય છે. ઘણો સમય સુધી બેસી રહે છે. મનન, ચિંતન અને એકાગ્રતાથી બાળકો વાર્તા સાંભળી માનસિક શાંતિ અનુભવે છે. વાર્તાના પાત્રો અને તેમના સાથે બનતી ઘટનાઓ સાથે પોતાની જાતને જોડી દે છે. વાસ્તવિક જગતથી કાલ્પનિક જગતમાં વિચરણ કરે છે. આમ તેમની બેસીને સાંભળવાની ક્ષમતાઓનો વિકાસ થાય છે.

### જિજ્ઞાસામાં વધારો

વાર્તાઓ ખૂબ રોચક હોય છે. નવું નવું જાણવા મળે છે. બાળકો કલ્પનિક દુનિમાં જીવતા હોય છે.વાર્તાકાર આ કાલ્પનિક દુનીમાં તેની સાથે પ્રવેશ કરીને વાસ્તવિક જગતની ઘણી

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

બાબતો ઉમેરી તેની જિજ્ઞાસા શક્તિમાં વધારો કરે છે. પશુ-પક્ષી, ખગોળશાસ્ત્ર, વિજ્ઞાન, ઈતિહાસ સંદર્ભે નવી વાતો સાંભળે છે જેનાથી જિજ્ઞાસાવૃત્તિ વિકસે છે.

**કલ્પનાશક્તિમાં વધારો**

દરેક બાળકની કલ્પનાની એક દુનિયા હોય છે. એને તે દુનિયામાં રહેવાનું ગમે છે. જો કોઈ એને એ દુનિયામાંથી બહાર લાવવાનો પ્રયાસ કરે તો તે તેનો વિરોધ કરે છે. વાર્તા દ્વારા અનેક કાલ્પનિક વાતો રજૂ થાય છે જેનાથી તેની કલ્પના શક્તિમાં વધારો થાય છે. આ કલ્પના શક્તિના સાથે પ્રકૃતિના નિયમો જોડીને તે નવું સર્જન કરી શકે છે વાર્તા આ કામ ખૂબ જ સાર્થક રીતે કરી શકે છે.

**એકાગ્રતામાં અને યાદશક્તિમાં  વધારો**

સ્વામી વિવેકાનંદ કહેતા કે મને જો ફરીથી જન્મ લેવાની તક મળે તો હુ મારી એક્ગ્રતામાંફ વધારો કરવાનો પ્રયાસ કરીશ. મનની એકાગ્રતા શીખવાની પ્રક્રિયામાં સૌથી મહત્વનો ભાગ ભજવે છે. બાળક ખૂબ ચંચલ હોય છે જે તેના શિક્ષણની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરે છે. બાળકના મનને વાર્તા પકડી રાખે છે. બાળકને ગમતી દરેક બાબત વાર્તામાં આવે છે તેથી સહજ રીતે તેની એકાગ્રહતામાં વધારો થાય છે.  ઘણું નવું શીખે છે. એક વર્તનનું અનુસંધાન બીજી વાર્તા સાથે કરે છે. આમ પ્રસંગ અને હકીકતો યાદ રાખવાની ટેવ પડે છે. આ અભ્યાસના કારણે તેની યાદ શક્તિ વધે છે.

**ભાષા સમૃદ્ધિનો વિકાસ**

વાર્તા ભાષાશિક્ષણનો સૌથી અસરકારક માધ્યમ છે. બાળક વાર્તાઓમાં અનેક પ્રકારના શબ્દો, ઉખાણા, કહેવતો, રૂઢીપ્રયોગો, વાક્ય રચનાઓ શીખે છે. આ પ્રક્રિયા ખૂબ સહજ થાય છે. ભાષા શિક્ષણના ચારે આયામો શ્રાવણ, કથન. વાચન અને લેખનનો વાર્તાના માધ્યમથી વિકાસ થાય છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સામાજિક વિકાસ**

વાર્તામાં બાળ જગતના આકર્ષક સામાજિક પાત્રોનું ખૂબ જ આકર્ષક રીતે આલેખન કરેલું હોય છે. તેમની વચ્ચેના સંબંધો પણ આદર્શ રૂપે પ્રસ્તુત કરેલા હોય છે તેથી બાળકને કેવા સંજોગોમાં કોની સાથે શું વર્તન કરવું એની સમજ વિકસિત થાય છે. સમાજમાં નકારાત્મક પાત્રોની સાથે કેવી રીતે વ્યવહાર કરવો તેની પણ સમજણ વિકસિત થાય છે. માતાપિતા અને પરિવાર સાથેના સંબંધો વધુ ગાઢ બને છે. ઘર, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર સાથે જોડાય છે. સમસ્ત જગત અને જીવ સાથે પણ જોડાય છે. વાર્તાઓમાં નિર્જીવ પાત્રો પણ સજીવ બનતા હોય છે તેથી તેમની સાથે પણ બાળક જોડાય છે આમ તેનો સામજિક વિકાસ થાય છે.

**સાંવેગિક વિકાસ**

વાર્તાઓના માધ્યમથી બાળકમાં સંવેગિક વિકાસ ખૂબ સારી રીતે થાય છે. વાર્તાના કાલ્પનિક પ્રસંગો દ્વારા બાળક વાસ્તવિક જીવનમાં ઉત્તપન્ન થતાં સંવેગોને નિયંત્રિત કરતાં શીખે છે.. પ્રેમ, ધૃણા, ગુસ્સો, કરુણા જેવા સંવેગોને નિયંત્રિત કરતાં શીખે છે. સૌથી મહત્વની બાબત એ છે કે અભાવગ્રસ્થ પાત્ર સાથે સંવેગિક રીતે જોડાય છે તેથી તેનામાં સહાનુભુતિ વિકસે છે. પરિવાર, સમાજ, દેશ અને સમસ્ત જીવ-જંતુ માટે સંવેદના અનુભવતો થાય છે. તેમની મુશ્કેલીઓને પોતાની મુશ્કેલો સમજે છે તેના ઉકેલ માટે પ્રયાસ કરે છે.

**બૌદ્ધિક વિકાસ**

બુદ્ધિનું કામ વિવેકપૂર્વક નિર્ણય લેવાનું છે.વાર્તામાં ઘટિત પ્રસંગો, પાત્રો અને સંવાદોમાં રોચકતા સાથે વિવિધ સંજોગોમાં સાચા નિર્ણયો લેવાનો અભ્યાસ થાય છે. આદર્શ ઐતિહાસિક પાત્રોની વાર્તાઓમાં જીવનમાં ઉત્પન્ન થતી વાસ્તિવક અને સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લઈ સમસ્યાઓના ઉકેલે મેળવવાનું કૌશલ્ય વાર્તાઓના માધ્યમથી વિકસિત થાય છે. આમ બુદ્ધિનું મુખ્ય કામ સાચો નિર્ણય કરવાનો છે અને વાર્તાઓ આ કૌશલ્યને ખૂબ સારી રીતે વિકસિત કરી શકે છે.

### પ્રત્યાત્યન કૌશલ્યોનો વિકાસ

વાર્તાઓમાં વિવિધ પ્રકારના સંવાદો અસરકારક રીતે રજૂ થતાં હોય છે. ટૂંકા સંવાદોનું પુનરાવર્તન થાય છે. આથી બાળકમાં પ્રત્યાત્યન કૌશલ્યનો વિકાસ થાય છે. પોતાની વાત અસરકારક રીતે  પ્રસ્તુત કરવાની શક્તિનો વિકાસ થાય છે. વિવિધ્ પ્રકારના શબ્દોનો યોગ્ય સ્થાને; હાવભાવ સાથે રજૂ કરવાની ટેવ વિકસે છે.

### તણાવ અને ચિંતામાં ઘટાડો

બાળકો ખૂબ જ સંવેદનશીલ હોય છે સામાન્ય બાબતો માટે ખૂબ જીદ કરતાં હોય છે તેમની જરૂરિયાતો ન સંતોષાતાં તેઓ તણાવ અનુભવે છે. પોતાના પરિવારના સભ્યો કે મિત્રો સાથે ખૂબ લાગણીથી જોડાઈ જાય છે. તેમના સુખ દુઃખ સાથે એકાત્મ થઈને ચિંતા  કરે છે. તેમની આ ટેવના કારણે  વાર્તાના પાત્રો સાથે પણ એકાત્મભાવથી જોડાઈ જાય છે. વાર્તાના અંતમાં બધા જ પાત્રો તમામ દુઃખોમાંથી મુક્ત થાય છે આ અભ્યાસના કારણે બાળક પોતાના જીવનમાં ઊભી થતી પરિસ્થિતિને પણ સહજતાથી લેવા ટેવાય  છે કારણે તણાવ અને ચિંતામાંથી મુક્ત થાય છે.

### વાર્તા પસંદગી વખતે અનિવાર્ય બાબતો.

પરિવાર કે શિક્ષક દ્વારા બાળક માટે વાર્તા કહેવી હોય કે વાંચવા માટે આપવાની હોય ત્યારે ખૂબ ઝીણવટથી વિચાર કરવો જોઈએ

1. બાળકની ઉંમર પ્રમાણે તેના રસના વિષયો બદલાતા રહે છે માટે વાર્તાઓની વિષયવસ્તુ અને પરિવેશ બાળકના વય કક્ષાને અનુરૂપ હોવું
2. વાર્તામાં પ્રસ્તુત ભાષા અને શબ્દાવલી બાળકોની વય કક્ષાને અનુરૂપ હોવી જોઈએ.
3. વાર્તાઓમાં સામજિક વતાવરણ સકારાત્મક અને સબંધોને મજબુત બનાવે તેવું હોવું જોઈએ.
4. વાર્તાઓના પત્રોનું આલેખન સાંસ્કૃતિક  વિરાસતને સંરક્ષિત અને સવર્ધિત કરે તેવી રીતે કરેલું હોવું જોઈએ.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

5. બાળકમાં કલ્પનાશક્તિ, સર્જનશક્તિ, ભાષા સમૃદ્ધિને વિકસિત કરે તેવી વાર્તાઓ પસંદ કરવી જોઈએ.
6. વાર્તાઓ સુખાંત હોવી જોઈએ.
7. વાર્તાઓ બાળકોમાં મૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન કરે એવી હોવી જોઈએ.

**વાર્તા કથન કરતી વખતે રાખવાની કાળજી**

1. વાર્તાઓ ખૂબ જ રોચક અને આકર્ષક રીતે પ્રસ્તુત થવી જોઈએ.
2. નાના બાળકો માટેની વાર્તાઓના શબ્દો સરળ અને સંવાદો ટૂંકા હોવા જોઈએ.
3. પરિવારમાં બાળકોને પાસે બેસાડી અને શાળાઓમાં ગોળાકાર રીતે બેસાડીને વાર્તા કહેવી જોઈએ.
4. વાર્તાઓ કહેતી વખતે વચ્ચે વચ્ચે પ્રશ્નો પણ પૂછવા જોઈએ.
5. બને ત્યાં સુધી નાના બાળકોને વાર્તા અભિનય સાથે જ કહેવી જોઈએ.

**ઉપસંહાર**

બાળમાનસ સ્વભાવે ચંચળ, સપનાઓથી ભરેલું અને જિજ્ઞાસાવૃત્તિવાળું હોય છે. બાળક જ્યારથી સમજણું થાય છે, ત્યારથી પોતાની આસપાસના જગતને સમજવાનો પ્રયાસ કરતુ હોય છે. નાના બાળકોને હંમેશા પ્રાણીઓ, પક્ષીઓ અને જીવ-જંતુઓનું એક ગજબનું આકર્ષણ હોય છે. પ્રકૃતિના વિવિધ તત્વો જેવા કે સુરજ, ચંદ્ર, તારા, નદીઓ, પહાડ, ઝરણા, દરિયો વગેરે તેમને આકર્ષિત કરતાં હોય છે. અને આ આકર્ષણ તેમને એક અદ્ભુત આનંદનો અનુભવ કરાવે છે. બાળકના જીવનને રંગીન અને ઉત્સાહથી ભરપુર બનાવવામાં વાર્તાઓનો અદભુદ ફાળો હોય છે. વ્યક્તિને પરિપૂર્ણ બનવા માટે એટલે કે માતા,પિતા, શિક્ષક, દાદા-દાદી,નાના-નાની બનવા વાર્તા કહેવાની કળા હસ્તગત કરવી જરૂરી છે. વાર્તા દ્વારા ઔપચારિક અને અનૌપચારિક બંને પ્રકારના શિક્ષણ પ્રભાવી બની શકે છે.

## સંદર્ભ સૂચી


- બધેકા ગિ.(૨૦૦૧) વાર્તાનું શાસ્ત્ર ભાગ-૧ &૨ સંસ્કાર સાહિત્ય મંદિર, પાંજરાપોળ પાસે, અમદાવાદ-૧૫
- www.gujaratilexicon.com/dictionary/gujarati-to-gujarati-translation
- www.oxfordlearnersdictionaries.com

https://storymirror.com/read/gujarati/story/vaartaa-dvaaraa-baallvikaas/1azs89nv